# પ્રસ્તાવના

હું પરમેશ્વરની સ્તુતિ કરૂં છું જેમણે મને તેમના લોકો મધ્યે એક આગેવાન તરીકે ઈસુ ખ્રિસ્તની સેવા કરવા માટે તેડું આપ્યું. મારા પૂરા હૃદયથી હું મારા પ્રભુ તથા આગેવાન ઈસુ - જે રીતે તે જીવ્યા અને લોકોને આગેવાની આપીને વિકસિત કર્યા, તેમને અનુસરવા માગું છું. હું ખાત્રી આપું છું કે એક આગેવાન તરીકે ખ્રિસ્તની સમાનતામાં હું વધવા માગું છું અને મારા પ્રભાવના વર્તુળમાં આવતા બીજાઓને એ જ બાબત માટે હું મદદરૂપ થઈશ. ઈશ્વરની કૃપાથી ખ્રિસ્ત જેવા વધારે બનવા તથા તેમના જેવી આગેવાની આપવા માટે હું મારી જાતને સમર્પિત કરૂં છું.

(નોંધ : આ કરારમાંનો “આગેવાન” કોઈ પાળક, પ્રેરીત, વડીલ, સેવક, સુવાર્તિક, શિક્ષક, મિશનરી, પેરા-ચર્ચ કાર્યકર, પ્રબોધક, જાહેર બજારમાં આગેવાન, નાના જૂથનો આગેવાન, કેળવણીકાર, ઘરેલુ - કલિસીયાનો આગેવાન અથવા જે કોઈ ખ્રિસ્તના જેવી આગેવાની આપવા ઈચ્છતો હોય તે હોઈ શકે છે.)

## ૧. હું ઈસુને હિસાબદાર છું.

હું ખ્રિસ્ત મારા પ્રભુને જવાબદાર છું. તે મારૂ મૂલ્યાંકન કરશે અને મને ઈનામ આપશે. મને મારા પ્રભુની, તેમના રાજ્ય તથા તેમના લોકની આનંદપૂર્વક તથા બલિદાનયુક્ત સેવાના જીવન માટે તેડવામાં આવ્યો છે. હું વિશ્વવ્યાપી એવા આગેવાનોની પ્રશંસા કરૂં છું. જેઓ મારા પ્રભુની ખાતર સખત બલિદાન આપી રહ્યા છે, અને જો તે માટે પોતાનો જીવ ગુમાવવો પડે તો પાછા ના પડે. જેઓ પરમેશ્વરની તથા તેના લોકની બલિદાનયુક્ત સેવા કરે છે તેઓને તે ઈનામ આપે છે, તેથી હું દિલાસો પામું છું. કેટલાક આગેવાનો માટે મને દુ:ખ થાય, કારણ કે જે રીતે તેઓ લોકો સાથે વર્તે છે અથવા જે રીતની આગેવાની તેઓ આપે છે તે જોતા એવું લાગે કે જાણે ઈસુને તેઓની સેવા સાથે કંઈ લેવા દેવા જ ન હોય. વળી તેઓ જાહેરમાં દેખાડો કરવા માટે અમુક બાબતો કરતા હોય છે, અને એમ કરીને તેઓને હંગામી ઈનામ મળી જાય છે. તેમ છતાં હું જાણું છું કે મારા સ્વર્ગમાંના પિતા, જે ગુપ્તમાં બધું જુએ છે, તે ખરી બાબતો કરનારાઓને માન તથા ઈનામ આપે છે. ભલે કોઈ જોતું ન હોય. મારી નેતાગીરી મારા પ્રભુને પ્રસન્ન કરનારી હોય માટે હું દીનતાથી હિંમત, જીગર અને વિશ્વાસ માગુ છું.

(માત્થી ૬:૧-૬; માત્થી ૨૪:૨૪-૨૭; લુક ૧૮:૨૮-૩૦; યોહાન ૫:૨૨-૨૩; ૧ કોરીંથી ૩:૧૦-૧૫; ૧ કોરીંથી ૪:૫; ૨ કોરીંથી ૪:૧૧-૧૮; ૨ કોરીંથી ૫:૯-૧૦; ૨ કોરીંથી ૧૦:૧૨-૧૮; ૨ તિમોથી ૪:૧-૮)

## ૨. હું ઈસુની જેમ જીવીશ.

નેતાગીરી માટે ખ્રિસ્ત જેવું ચારિત્ર્ય જરૂરી છે, અને તેને જાળવી રાખવા માટે ઈસુના પગલે ચાલવું પડે. મારે ઈસુના સમયના ફરોશી જેવા બનવાનું ટાળવું છે, જેઓ પોતાની નેતાગીરીના બાહ્ય પાસાઓ પર ખાસ ધ્યાન આપતા પણ તેઓના હૃદયો તથા ચારિત્ર્ય પ્રભુ પિતાથી ખૂબ વેગળા હતા. હું જાણું છું કે આપણા સમયમાં જાતિય પરીક્ષણો ચારે તરફ છે, તેમ છતાં, આપણા પ્રભુ આપણને વિચારોમાં તથા કૃત્યોમાં શુધ્ધ તથા પવિત્ર જીવન જીવવા માટે તેડે છે મને દુ:ખ થાય છે કે કેટલીક વાર આગેવાનો જેઓની સેવા કરતા હોય છે તેઓની સાથે એકનિષ્ઠાથી વર્તતા નથી અથવા તેઓની સાથે સાચું બોલતા નથી હોતા. મને દુ:ખ લાગે છે કે કેટલીક વાર આગેવાનો ઈર્ષા અદેખાઈથી પ્રેરાઈને બીજા આગેવાનો યા સેવાઓ મધ્યે ભાગલા પાડવાના અથવા વિખવાદ ચાલુ રાખવાના હેતુથી પ્રવૃતિ અથવા નિંદા કરતા હોય છે. હું મારા આંતરિક વ્યક્તિત્વમાં વધારે ઈસુ જેવા બનીને હૃદય તથા જીવનમાં તેમનું ચારિત્ર્ય પ્રતિબિંબિત કરવા ઈચ્છું છું.

(માત્થી ૨૩:૨૩-૨૫; યોહાન ૧૫:૧-૫; ફિલીપી ૧:૧૫-૧૭; ફિલીપી ૩:૧૭-૧૯; ૧ થેસ્સા ૨:૧-૧૨; ૧ તિમોથી ૩:૧-૧૩; તીતસ ૨:૧૧-૧૫; ૨ પીતર ૩:૧૧-૧૪; ૧ યોહાન૨:૬)

## ૩.હું ઈસુની સેવા કરીશ.

પ્રભુ ઈસુ પરમેશ્વરના રાજ્યની, એટલે કે પોતાના લોકોના હૃદય અને જીવનમાં પરમેશ્વરની સત્તા તથા હકૂમતની ઘોષણા કરતા આવ્યા. તેથી ઉલ્ટુ, માનવીય સ્વભાવ આગેવાનોને પોત-પોતાના રાજ-રજવાડા બાંધવા તરફ ખેંચતો હોય છે. મને ખરાબ લાગે છે જ્યારે કેટલાક આગેવાનો લોકો તરફથી મહિમા અને પ્રશંસા શોધે છે, અને તેમ કરવામાં પોતાનું લક્ષ ઈસુ પરથી ઉઠાવીને પોતાની જાત પર કેન્દ્રિત કરે છે. હું કટિબદ્ધ છું કે મારૂ સેવાકાર્ય પ્રભુ ઈસુની સત્તા તથા હકૂમત તેમના લોકોના હૃદયોમાં સ્થાપિત કરે. હું એ પણ સ્વીકારુ છું કે ઈસુની સેવા કરું છું, એ સાથે મારે મારા પરિવારને પ્રભુની રીતે ઉછેરવાનું છે. હું મારા પૂરા દિલથી ઈસુની સેવા કરવા માગું છું.

(માત્થી ૫:૧-૧૨; પ્રે.કૃ ૨૮:૩૦-૩૧; ૨ કોરીંથી ૪:૧-૨; ફિલીપી ૨:૯-૧૩; ૧ તિમોથી ૩:૧-૫; ૨ પીતર ૨:૧-૩; ૩ યોહાન ૯-૧૧)

## ૪. હું ઈસુની જેમ આગેવાની આપીશ.

જ્યારે આપણા પ્રભુ પૃથ્વી પર આવ્યા, ત્યારે તેમણે નમૂનો આપીને શીખવ્યું કે તેમના રાજ્યના આગેવાનોએ કેવા બનવાનું છે અને શું કરવાનું છે. તેમણે શીખવ્યું કે આપણે દરરોજ આપણો વધસ્તંભ ઉચકીને કૃપા તથા દીનતા સાથે લોકો પ્રત્યે વર્તવું જોઈએ. તેમણે પોતાનો અધિકાર બીજાઓ પર ઠોકી બેસાડ્યો નહિ. ઈસુએ તેમને આપવામાં આવેલો અધિકાર તેમની આગેવાની હેઠળ આવતા લોકોને દોરવણી આપવા, આશિષ પમાડવા તથા લાભ થાય તે માટે વાપર્યો. તે આપણને એ જ પ્રમાણે આગેવાની આપવા તેડે છે. ઘણા આગેવાનો તેઓને સોંપવામાં આવેલા અધિકાર લોકો પર સત્તા જમાવવા માટે વાપરે છે, અને એમ કરવામાં તેઓ સત્તાધારી આગેવાનીવાળા આચરણ અને મૂલ્યોમાં જગિક રીતો અપનાવે છે. મને દુ:ખ થાય છે કે કેટલાક આગેવાનો ભલે સિધ્ધાંતોની વાત ચોક્કસાઈથી કરતા હોય, પણ તેઓ ખ્રિસ્ત જેવા આગેવાનો તરીકે જીવતા નથી હોતા. તેઓનાં કૃત્યો આગેવાની પર આપેલા શિક્ષણને ડહોળી નાખે છે, અને જે લોકોની સેવા કરવા માટે તેઓને તેડવામાં આવ્યા છે તેઓને ગુંચવી નાખે છે. હું ઈસુની માફક આગેવાની આપતું હૃદય નમ્રતાથી માગું છું.

(માત્થી ૧૮:૧-૪; માત્થી ૨૩:૧-૧૨; માર્ક ૧૦:૪૨-૪૫; ૨ કોરીંથી ૧૧:૧૨-૨૦; ૨ તિમોથી ૩:૧-૧૩; હિબ્રૂ ૧:૧-૨; ૧ પીતર ૫:૧-૫)

## ૫. હું આગેવાનો વિકસાવીશ.

પ્રભુ ઈસુની ઉચ્ચ અગ્રિમતાઓમાં એક હતી આગેવાની તૈયાર કરવા. તેમણે ટોળાબંધ આગેવાનો ઊભા ન કર્યા, પણ તેઓમાંથી નાની સંખ્યામાં ચુનંદા આગેવાનો પર ઈરાદાપૂર્વક ધ્યાન આપ્યું. હું ચોક્કસ માનું છું કે ઈસુની માફક આગેવાનો વિકસાવવા માટે મારે ઊગી ઉઠે એવા ચુનંદા પુરુષો તથા મહિલાઓ સાથે ગાઢ-અંગત સંબંધો બાંધવા પડશે અને તેઓનું મેન્ટરીંગ કરવામાં સમયનું રોકાણ કરવું પડશે. મારૂ માનવું છે કે દુનિયાભરમાં કેટલાક યુવા આગેવાનોના હૃદયની માંગણી આત્મિક મેન્ટર માટેની છે. હું સંતોને સેવા માટે સુસજ્જ કરું અને પવિત્ર આત્મા દોરે તેમ સેવા માટે તેઓને છૂટા મૂકુ એ મારા તેડાને સ્વીકારૂં છું. હું જાણું છું તેમ કેટલાક આગેવાનો આ અગ્રિમતાની અવગણના કરે છે. સંતોને ઈરાદાપૂર્વક સુસજ્જ કરવા તથા યુવા-આગેવાનોનાં હૃદયો તથા જીવનો દ્રઢ કરવા માટે હું કૃપા તથા સૂઝ માગું છું.

(માત્થી ૪:૧૮-૨૨; માત્થી ૨૮:૧૬-૨૦; લુક ૬:૧૨-૧૬; યોહાન ૧૭:૬-૧૯; પ્રે.કૃ ૧૧:૨૨-૨૬; પ્રે.કૃ ૧૫:૩૯-૧૬:૫; એફેસી ૪:૧૧-૧૬; ફિલીપી ૨:૧૯-૩૦; ૨ તીમોથી ૨:૧-૨)

## ૬. હું તેમનું મુખ શોધીશ.

જેઓ દીનતાથી તથા પ્રભુ પર આધાર રાખી ચાલે છે, અને સંગત તથા ઐક્ય જાળવીને પ્રભુનું મુખ શોધે છે, આપણા પ્રભુ તેઓની કદર કરે છે અને તેઓને માન આપે છે. ઈશ્વર પિતાનાં હૃદયને પારખવા માટે તેમની સાથે નિયમીત એકાંતમાં સમય ગાળવા માટેનો તથા તેમની સાથે પ્રાર્થનાની સંગત માણવાનો નમૂનો પ્રભુ ઈસુએ આપણને આપ્યો. ઘણી જવાબદારીઓ, દબાણો તથા કપરા સંજોગોની વચ્ચમાં પણ તેમણે તેમ કર્યું. ઈસુનાં નમૂનાને અનુસરતા, હું અંગત આપ-લે તથા પ્રાર્થનામાં નિયમીતરૂપે તેમનું મુખ શોધવા માંગુ છું. હું જાણું છું કે આથી તે પ્રસન્ન થશે અને તેમની સાથે, તેમના માર્ગો તથા તેમની ઈચ્છા સાથે મારી જાતને વધુ સુસંગત થવા મને સમર્થ કરશે. મારા આત્માની તાજગી માટે મારે નિયમીતપણે વિશ્રામ (સાબ્બાથ) લેવા દ્વારા હું મારી માનવીય સીમિતતામાં જીવવા માંગુ છું. હું જાણું છું કે આનો અર્થ એ થયો કે આ માટે મારે મારી દુનિયાના દબાણોમાંથી મારી જાતને સમય સાથે બાકાત રાખવી પડશે. મારા હૃદયની ઝંખના છે કે પ્રભુ મને તેમના ઘરે બોલાવી લે અથવા તે પોતાના મહિમામાં પાછા આવે ત્યાં સુધી હું મારા જીવનભર વિશ્વાસુપણાથી તેમની સેવા કરૂ. તેમની કૃપાથી હું તેમનું મુખ શોધવા માગું છું.

(યશાયા ૬૬:૧-૨; માત્થી ૧૪:૨૩; માત્થી ૨૬:૩૬-૩૯; માર્ક ૧:૩૫-૩૯ લુક ૪:૪૨-૪૩ લુક ૫:૧૬ ફિલીપી ૪:૫-૭; ૧ પીતર ૫:૬-૮)

## ૭. હું આત્મિક ફળ શોધીશ.

મને ફળ ઉપજાવવા માટે તેડવામાં આવ્યો છે. ઈસુએ શીખવ્યું તથા નમૂનો આપ્યો કે આત્મિક ફળ “તેનામાં રહેવાથી” ઉપજે છે. હું સ્વીકારૂ છું કે હું લોકોના જીવનોમાં મારા માનવીય ડહાપણ અથવા જાતે ઊભા કરેલા દબાણો દ્વારા આત્મિક પરિણામો અથવા આત્મિક બદલાવ ઉપજાવી શકતો નથી. મારી ભૂમિકા એ છે કે હું મારી જાતને વિશ્વાસુપણે મારા કૃપાદાનો તથા તેડા દ્વારા લોકોને સોંપી દઉં, અને પરિણામો ઈશ્વર પર છોડી દઉં. મારા હૃદયની ઈચ્છા છે કે હું ઈસુના માર્ગમાં આત્માથી ચાલુ અને તેમનામાં રહીને તેમને અનુસરૂ, જેથી તે પોતાના મહિમા માટે ઘણા ફળ ઉપજાવવા માટે મારી મારફતે કાર્ય કરે.

(માત્થી ૭:૧૫-૨૦; માત્થી ૧૬:૨જી૧-૨૩; યોહાન ૧૫:૧-૧૧; ૧ કોરીંથી ૩:૫-૯; ૨ કોરીંથી ૧:૧૨; ૧ તીમોથી ૪:૬-૧૬; ૧ યોહાન ૨:૩-૬)

## ૮.હું સહયોગ કરીશ.

ઈશ્વર પિતા, ઈશ્વર પુત્ર અને ઈશ્વર પવિત્ર આત્મા એક છે - પ્રત્યેક વ્યક્તિગત પોતાની આગવી ભૂમિકા ભજવે છે, છે, તેમ છતા સંપૂર્ણ સુસંગતતા જાળવી રાખે છે. તેઓની સહયોગી આગેવાની પારસ્પરિક સ્વાધીનતાના સંદર્ભમાં પ્રત્યેક પોતાનીજી ભૂમિકા તથા કાર્યવાહી માટે જરૂરી અધિકાર ધરાવતા કાર્ય કરે છે. ત્રિએક ઈશ્વરે દર્શાવેલા સહયોગી આગેવાનીના આદર્શ નમૂનાને આગેવાનો માટેના અચળ ધોરણ તરીકે હું અનુસરવા માગું છું. હું મારા સાથી-આગેવાનો સાથે સેવા તથા સહયોગ કરવામાં વૃદ્ધિ પામવા માટે કૃપા માગું છું.

(માત્થી ૨૮:૧૬-૨૦; યોહાન જીજી૫:૨૨-૨૩; યોહાન ૧૬:૧૩-૧૫; યોહાન ૧૭:૨૧; પ્રે.કૃ ૧૩:૧-૩; રોમન ૮:૧૪-૧૭)

## ૯. હું વિશ્વાસુપણે નાણાંનો કારભાર કરીશ.

પ્રભુ ઈસુ અને પ્રેરિતો તેઓને આપવામાં આવેલા દાનનો યોગ્ય વહીવટ કરવા માટે નિયમીતપણે બીજાઓને સાથે રાખતા. તેઓએ કારભારીપણાનું શિક્ષણ અને નમૂનો આપ્યો, તથા ઈશ્વરની તથા લોકોની દ્રષ્ટિમાં ઠોકરરૂપ ન થવાય એ રીતે વર્તતા. મને દુઃખ થાય છે કે કેટલાક આગેવાનો લોકોનો નાણાંકીય લાભ ઉઠાવે છે, અથવા બીજા પ્રભુમય આગેવાનો સેવાકાર્ય માટે મળેલા ભંડોળનો નાણાંકીય વહીવટ કેવી રીતે કરે છે તે જાણવાની તસ્દી નથી લેતા. હું જાણું છું કે પૈસાનો પ્રેમ ઈસુના રાજ્યની સેવા કરવાની આગેવાનની ક્ષમતાને છિન્નભિન્ન કરી નાખે છે, અને પરિણામે ઘણા આગેવાનો ઈશ્વર પરાયણતાની કસોટીમાં હારી જાય છે. હું એ પણ જાણું છું કે આગેવાનોએ પોતાના પરિવારનો નિભાવ કરવાનો હોય છે, અને તેઓ જેઓની સેવા કરતા હોય તેઓની પાસેથી તેઓ સ્વાભાવિક રીતે મદદની આશા રાખે. હું નમ્રભાવે કૃપા માગું છું કે મને સોંપવામાં આવેલા નાણાંની બાબતમાં હું ઈશ્વર સમક્ષ તથા લોકો સમક્ષ ચોખ્ખા હૃદયે ચાલું.

(માત્થી ૬:૨૫-૩૪; લુક ૧૬:૧૪-૧૫; પ્રે.કૃ ૪:૩૨-૫:૧૧; પ્રે.કૃ ૬:૧-૭; પ્રે.કૃ ૨૦:૨૫-૩૫; ૧ કોરીંથી ૯:૧-૧૮; ૨ કોરીંથી ૮:૧૬:૨૨; ૧ તીમોથી ૬:૯-૧૧; ૧ પીતર ૫:૨-૩; યહુદા ૧૧-૧૨)

## ૧૦. હું સેવા કરવામાં મશકનો ઉપયોગ કરીશ.

વ્યવસ્થાના માળખા તથા સંસ્થાઓ(દ્રાક્ષારસની મશકો) તથા સેવાકાર્યો માટે કારભારીપણાનાં સાધનો છે. હું વિસ્મીત થાઉં છું કે પ્રભુ ઈસુના સમયમાં ફરોશીઓ તથા સાદુકીઓએ તેઓના રીત-રિવાજો, સંસ્થાઓ, કાયદાઓ, ઓળખપત્રો તથા ઈશ્વરવિદ્યારૂપી મશકોનો ઈસુની વિરૂધ્ધ ઉપયોગ કરીને તેમનો વિરોધ કર્યો. મને દુઃખ થાય છે કે ઘણા આગેવાનો લોકોની વફાદારી ખ્રિસ્ત પ્રતિ વાળવાને બદલે પોતાની તરફ, પોતાની સંસ્થા, કાર્યપદ્ધતિ, સાધન-સામ્રગી, અથવા ઈશ્વરવિદ્યાના માળખા તરફ ખેંચી લાવવાના પરીક્ષણમાં વારંવાર લપસી પડે છે. હું જોઉં છું કે, કેટલીક વખત આગેવાનો બધો દોરીસંચાર પોતાના હાથમાં લેવા માગતા હોય છે, અને તેથી પોતાની જોહૂકમી તથા અંકુશ ઠસાવવા માટે ઊંચ-નીચની નીસરણી, પદો તથા મોભા ઉભા કરતા હોય છે. આયોજનો, દર્શન કે સંસ્થાકિય આદેશ ઠોકી બેસાડીને લોકો પર સત્તા જમાવવી અથવા તેઓનું શોષણ કરવું એ સરળ બાબત છે. મારી જાતને શુધ્ધ કરીને પવિત્રતા તથા નમ્રતામાં મારા રાજાની સેવા કરવાની તથા જેઓની હું સેવા કરૂં છું તેઓને પ્રભુની સંગાથે વધુ નજીક ચાલવા હું દોરતો રહું એ મારી ઝંખના છે.

(માત્થી૨૩:૧૩-૩૩; યોહાન ૧૧:૪૭-૪૮,૫૩; પ્રે.કૃ ૨૦:૧૮-૩૫; ફિલીપી ૨:૧૯-૨૧; યાકૂબ ૪:૧૩-૧૬; ૧ પીતર ૫:૨-૩; ૩ યોહાન ૯-૧૧)

# નિષ્કર્ષ

હું મારી અગાઉ જીવી ગયેલા આગેવાનોના ખભા પર ઊભો છું. તેઓ સંપૂર્ણ ન હતા, અને હું પણ સંપૂર્ણ નથી. તેઓને જે શીખવવામાં આવ્યું હતું તેના આધારે તેઓએ આગેવાની આપી, અને પ્રભુએ પોતાની કૃપા તથા ભલાઈમાં તેઓની મારફતે પોતાના રાજ્યની વૃદ્ધિ કરી.

હું એક આગેવાન તરીકે મારા પ્રભુ ઈસુની સમક્ષ મારી પોતાની નિષ્ફળતાઓ કબૂલ કરૂં છું.

ઈસુ સમાન બનવા માટે તથા બીજા જેઓ પણ એમ જ કરશે તેઓને વિકસાવવજીળ માટે હું ઈશ્વરપિતા, પુત્ર અને પવિત્ર આત્માના નામમાં મારી જાતનું સમર્પણ નમ્ર ભાવે કરૂં છું. આ કરારનામાને વિશ્વાસુ બની રહેવાને માટે ઈશ્વર તેમની કૃપા તથા દયામાં મારી સહાય કરો. આમેન.

વિશ્વવ્યાપી આગેવાનો સાથે જોડાતા, હું આ મારૂ અંગત કરારનામું બનાવું છું.

હસ્તાક્ષર : ____________________

તારીખ: ____________________

સાક્ષી: ____________________

સાક્ષી: ____________________

You may find it helpful to spend devotional time going through the Scriptural references.

MentorLink INTERNATIONAL

We encourage you to distribute this to others. Electronic copies for distribution can be obtained at www.mentorlink.org. Permission granted to distribute this Leader's Covenant without modification. @MentorLink 2010.

The Leaders Covenant is built on the foundation of the Lausanne Covenant, 1974. This Leader's Covenant was originally developed for the Lausanne Leadership Development Working Group as a resource for Cape Town 2010 Congress on World Evangelization.

Please e-mail editorial comments/questions to info@MentorLink.org.

# આગેવાનોનું કરારનામું

પછી ઈસુએ પોતાના શિષ્યોને કહ્યું, કે "જો કોઈ મારી પાછળ આવવા ચાહે, તો તેણે પોતાનો નકાર કરવો, ને પોતાનો વધસ્તંભ ઊંચકીને મારી પાછળ આવવું. કેમકે જે કોઈ પોતાનો જીવ બચાવવા ચાહે છે, તે તેને ખોશે; પણ જે કોઈ મારે લીધે પોતાનો જીવ ખોશે, તે તેને બચાવશે. કેમકે જો માણસ આખું જગત મેળવે, ને પોતાના જીવની હાનિ પામે, તો તેને શો લાભ થશે? અથવા માણસ પોતાના જીવને બદલે શું આપશે? કેમકે માણસનો દીકરો પોતાના બાપના મહિમાએ પોતાના દૂતો સુદ્ધાં આવશે, ત્યારે તે પ્રત્યેકને તેના કામ પ્રમાણે બદલો ભરી આપશે."

માત્થી ૧૬:૨૪-૨૭